# સંઘ પ્રદેશ દમણ અને દીવ,
# સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,
# દીવ

સં. એએસએફડી/મોબાઇલ-એપ્લી./2018-19/ ૧૪૪૪ તારીખ 01/03/2019

## <u>સાર્વજનિક સૂચના</u>

આથી દીવ જીલ્લા ના બોટ માલિકોને તેમજ માછીમાર ભાઇઓ ને જણાવવામાં આવે છે કે દમણ અને દીવ તેમજ દાદરા નગર હવેલી ના માનનીય પ્રશાસક મહોદય શ્રીમાન પ્રફુલ પટેલ સાહેબ ના માર્ગ દર્શન હેઠળ અને દીવ પ્રશાસન ના નિર્દેશન ના સંદર્ભે મત્સ્યોધ્યોગ કચેરી, દીવ દ્વારા દીવ જિલ્લા ની ફિશિંગ બોટો ના ઉપયોગ માટે ઓનલાઇન મોબાઇલ એપ્લીકેશન **"<u>દીવ સાગર (DIU SAGAR)</u>"** અને વેબ એપ્લીકેશન હાલમાં દીવ પ્રશાસન દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે. આ **"<u>દીવ સાગર (DIU SAGAR)</u>""** મોબાઇલ એપ્લીકેશન ફક્ત બોટ માલિકો દ્વારા જ ડાઉનલોડ કરવા માટે ગૂગલ પ્લે-સ્ટોર માંથી **તારીખ 05/03/2019** થી કરી શકાશે ત્યારબાદ મત્સ્યોધ્યોગ વિભાગ તરફથી યુઝર આઇડી અને પાસવર્ડ આપવામાં આવશે. આ મોબાઇલ એપ્લીકેશન માં બોટ માલિકો દીવ વિસ્તારમાંથી પોતાની બોટ માટે નિમ્નલિખિત કાર્યવાહી સરળતાથી કરી શકશે.

1. ફિશિંગ બોટ માટે ડિઝલ પ્રાપ્ત કરવા માટે રિકવેસ્ટ કરવી
2. ફિશિંગ બોટ ને ફિશિંગ જવા માટે ની તારીખ સાથે રિકવેસ્ટ કરવી અને ફિશિંગ બોટમાં જનાર ટંડેલ અને ખલાસીઓ ના નામ પર ટીક કરવું.
3. ફિશિંગ બોટ જ્યારે ફિશિંગથી દીવ વિસ્તારમાં આવે ત્યારે ફિશિંગ ના આગમન ની એન્ટ્રી કરવી સાથે ફિશિંગ ના એરિયાની જાણકારી, માછલી ના જથ્થા ની જાણકારી વગેરે કરવાની રહેશે. ત્યારબાદ જ તે બીજી ફિશિંગ માટે ડિઝલ માટેની રિકવેસ્ટ મોકલી શકશે.

ઉપરોક્ત મોબાઇલ એપ્લીકેશન ની તાલીમ નું આયોજન **<u>તારીખ 05/03/2019 ના સવારે 10.30 વાગ્યે</u>** **<u>"શિવ સદન હોલ, વણાકબારા"</u>** માં રાખવામાં આવેલ છે. તેથી દરેક ફિશરમેન એસોશિયેસનો તેમજ દરેક બોટ માલિકોને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત મોબાઇલ એપ્લીકેશન ની તાલીમ તથા યુઝર આઇડી અને પાસવર્ડ પ્રાપ્ત કરવા માટે અચૂક ઉપસ્થિત રહેવા નિવેદન કરવામાં આવે છે.

(સુકર આંજણી)
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક, દીવ
ઈમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

સેવામાં,
1. પ્રમુખશ્રી, નગર પાલિકા પરિષદ, દીવ }
2. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, દીવ } જાણકારી તથા વધુમાં વધુ
3. સરપંચ, ગ્રામ પંચાયત, વણાકબારા, સાઉદવાડી,બુચરવાડા, જોલાવાડી}
4. પ્રમુખશ્રી, દીવ જીલ્લા મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ, }
5. પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા,ઘોઘલા,દીવ } પ્રચાર- પ્રસાર માટે

<u>પ્રતિલિપિ પ્રેષિત:-</u>
1. સચિવ, મત્સ્યોધ્યોગ, સચિવાલય, દમણ }
2. માનનીય કલેક્ટર સાહેબ, કલેક્ટર કચેરી, દીવ } ............ જાણકારી માટે
3. ડેપ્યુટી કલેક્ટર, કલેક્ટર કચેરી, દીવ }
4. મત્સ્યોધ્યોગ અધીક્ષક, દમણ }